# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-202** **Midday: 1.20 to 1.30**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- અમેરિકાના હિન્દ- પ્રશાંત વિસ્તાર માટેના ટોચના અધિકારીએ જણાવ્યું છે કે, ભારત અને અમેરિકા વચ્ચે અત્યારે તૈયાર થયેલ વિશ્વાસનું સ્તર એક દાયકા પહેલાં ન હતું.
- ભારતીય રીઝર્વ બેન્કે આજે જાહેર કરેલી નવી દ્વિમાસિક નાણાં નીતિમાં વ્યાજદરો યથાવત રાખ્યા છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે 89 હજાર, 47 કરોડ રૂપિયાના ખર્ચની BSNL માટેની ખાસ યોજનાની જાહેરાત કરી છે.
- જમ્મુ અને કાશ્મીર રાજય તપાસ સંસ્થા – SIA અને કાશ્મીર પોલીસે આતંકવાદીઓને મળતા ભંડોળ સામે કડક કાર્યવાહી કરી છે.
- કેન્દ્ર સરકારે વર્ષ 2023-24માં ખરીફ પાકોની ખરીદી માટે ગત વર્ષની સરખામણીએ ટેકાના ભાવોમાં પ્રતિ ક્વિન્ટલે 143 થી 805 રૂપિયાનો વધારો કર્યો છે.
- આવતા પાંચ વર્ષમાં દેશમાં 200થી 220 નવા વિમાનઘરો, હેલીપોર્ટ અને વોટર એરોડ્રોમ બનાવવામાં આવશે..

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MODI-US-VISIT

અમેરિકાના હિન્દ- પ્રશાંત વિસ્તાર માટેના ટોચના અધિકારી કર્ટ કેમ્પબેલે જણાવ્યું છે કે, ભારત અને અમેરિકા વચ્ચે અત્યારે તૈયાર થયેલ વિશ્વાસનું સ્તર એક દાયકા પહેલાં ન હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી 21થી 24 જૂન દરમિયાન યોજાનારી અમેરિકાની મુલાકાત અંગે ટીપ્પણી કરતાં શ્રી કેમ્પબેલે કહ્યું કે, આ મુલાકાતથી વૈશ્વિક સ્તરે અસાધારણ મહત્વ ધરાવતા ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવું બળ મળશે.

આ મુલાકાતથી બંને દેશો માટે પરસ્પર મૂડીરોકાણ અને લોકસંપર્કની તકો વધશે. તેમણે કહ્યું કે, વૈશ્વિક સ્તરે ભારતે ભજવેલી ભૂમિકાની નોંધ વિશ્વ સમુદાય લઈ રહ્યો છે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાની સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધવાના છે.

આ વખતની મુલાકાતમાં પ્રધાનમંત્રી જ્યારે અમેરિકાના સંસદને સંબોધશે ત્યારે સંસદની સંયુક્ત બેઠકને બીજીવાર સંબોધનાર તેઓ પહેલા પ્રધાનમંત્રી બનવાનું બહુમાન મેળવશે.

# INDIA-US

ભારત અને અમેરિકા વચ્ચે વ્યૂહાત્મક વેપાર મંત્રણા વોશિંગ્ટનમાં યોજાઈ ગઈ. આ મંત્રણામાં સેમિ કન્ડક્ટર, અવકાશ, બાયોટેક સહિત મહત્વના મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ચર્ચા વિચારણા થઈ હતી.

ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જ્યારે અમેરિકાના પ્રતિનિધિમંડળ નેતૃત્વ અમેરિકાના વાણિજ્ય વિભાગના એલન એસ્ટેવેઝે સંભાળ્યું હતું. ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય સહકારના મુદ્દે ઉદ્યોગો, શિક્ષણવિદો, અને અન્ય હિસ્સેદારોમાં કાર્યશાળાઓ યોજીને આ અંગેની જાગૃતિ કેળવવાનો નિર્ણય લીધો છે.

આ બેઠકમાં બંને પક્ષોએ બહુસ્તરીય નિકાસ નિયંત્રણ વ્યવસ્થામાં થઈ રહેલા સહકારની સમીક્ષા કરી હતી.

## RBI-

ભારતીય રીઝર્વ બેન્કે આજે જાહેર કરેલી નવી દ્વિમાસિક નાણાં નીતિમાં વ્યાજદરો યથાવત રાખ્યા છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, નાણાં નીતિની સમિતિની બેઠકમાં રેપોરેટ 6.5 ટકા યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

એવી જ રીતે સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી – એસડીએફ રેટ 6.25 ટકા અને બેન્ક રેટ 6.75 ટકા રહેશે. શ્રી દાસે કહ્યું કે, એક અંદાજ મુજબ વર્ષ 2023-2024માં ફુગાવાનો દર 5.1 ટકા વધુ રહેવાની સંભાવના છે.

## CABINET---BSNL

કેન્દ્રીય મંત્રીમંડળે 89 હજાર, 47 કરોડ રૂપિયાના ખર્ચની BSNL માટેની ખાસ યોજનાની જાહેરાત કરી છે. જેમાં BSNL ને ઇક્વિટીના આધારે  4G અને 5G સ્પેક્ટ્રમ માટે ફાળવણીનો સમાવેશ થાય છે.

એવી જ રીતે BSNL માટેનું ભંડોળ એક લાખ, 50 હજાર કરોડ રૂપિયા છે. તે વધવાની બે લાખ દસ હજાર કરોડ રૂપિયા કરાશે. આ પેકેજની મદદથી BSNL મજબૂત ટેલિકોમ સેવા આપનાર કંપની બનશે અને દેશના અંતરિયાળ વિસ્તારના નાગરિકોને સંપર્કની સુવિધા આપી શકશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2019માં કેન્દ્ર સરકારે BSNL માટે 69 હજાર કરોડ રૂપિયાના ખાસ પેકેજની જાહેરાત કરી હતી.

## J&K- TERROR FUNDING

જમ્મુ અને કાશ્મીર રાજય તપાસ સંસ્થા – SIA અને કાશ્મીર પોલીસે આતંકવાદીઓને મળતા ભંડોળ સામે કડક કાર્યવાહી કરી છે.

અત્યારસુધી પોલીસ અને તપાસ સંસ્થાએ જમ્મુ અને કાશ્મીરના 86 જેટલા સ્થળોએ આવેલી 124 અસ્કયામતો ટાંચમાં લીધી છે.

પોલીસના જણાવ્યા મુજબ આતંકવાદી કેસની તપાસ દરમિયાન 124 અસ્કયામતોનો આતંકવાદી પ્રવૃત્તિઓને મદદરૂપ થવા ઉપયોગ થયો હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાતા જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે.

કાશ્મીર પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા હેઠળ આ કાર્યવાહી કરી છે.

## CABINET- MSP

કેન્દ્ર સરકારે વર્ષ 2023-24માં ખરીફ પાકોની ખરીદી માટે ગત વર્ષની સરખામણીએ ટેકાના ભાવોમાં પ્રતિ ક્વિન્ટલે 143 થી 805 રૂપિયાનો વધારો કર્યો છે.

કેન્દ્રિય મંત્રીમંડળની આર્થિક બાબતો અંગેની સમિતિની ગઈકાલે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. બેઠક બાદ નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલે કહ્યું

હતું કે, આ વર્ષે ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવોમાં કરાયેલો વધારો છેલ્લાં ઘણાં વર્ષોની સરખામણીએ વધુ છે.

મગફળીના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે 527 રૂપિયાનો અને કપાસમાં 640 રૂપિયાનો વધારો કરાયો છે. એવી જ રીતે ડાંગરના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે બે હજાર 183 રૂપિયા, જુવારમાં 3 હજાર 180 બાજરીના ભાવમાં અઢી હજાર, મકાઇમાં બે હજાર 90, તુવેરમાં સાત હજાર રૂપિયા,મગમાં 8 હજાર, 635, અડદમાં 6 હજાર 950 અને તલના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે 8 હજાર 635 રૂપિયાનો વધારો જાહેર કર્યો છે.

## AIRPORTS

નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે, આવતા પાંચ વર્ષમાં દેશમાં 200થી 220 નવા વિમાનઘરો, હેલીપોર્ટ અને વોટર એરોડ્રોમ બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારના નવ વર્ષના કાર્યકાળમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, સ્વતંત્રતા પછી 68 વર્ષમાં 2013-14 સુધીમાં વિમાનઘરો, હેલીપોર્ટ અને વોટર એરોડ્રોમની સંખ્યા માત્ર 74 જ હતી જ્યારે છેલ્લા નવ વર્ષમાં આ સંખ્યા વધીને 148 સુધી પહોંચી હતી..

તેમણે વધુમાં કહ્યું કે, ઘરઆંગણાના વિમાન પ્રવાસમાં વર્ષ 2013-14 મુસાફરોની સંખ્યા 6 કરોડ હતી જે છેલ્લાં નવ વર્ષમાં વધીને 14 કરોડથી વધુ થઈ છે. એવી જ રીતે ભારતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરનાર મુસાફરોની સંખ્યામાં પચાસ ટકા વધારો થયો છે.

## GADKARI-J&K

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 44ના ઉધમપુર-રામબન સેક્શન પર ચિનાબ નદી પર 2-લેન જયસ્વાલ બ્રિજનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે.

એક ટ્વીટ્માં તેમણે જણાવ્યું હતું કે આ ઝીણવટપૂર્વક તૈયાર કરાયેલ બ્રિજ 118 મીટરનો છે અને 20 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. શ્રી ગડકરીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ સરકાર જમ્મુ અને કાશ્મીરમાં માર્ગ માળખું ઊભું કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. તેમણે જણાવ્યું છે કે આ પરિવર્તનકારી વિકાસ માત્ર પ્રદેશના આર્થિક વિકાસમાં ફાળો આપે છે એટલું જ નહીં પરંતુ મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે તેના આકર્ષણમાં પણ વધારો કરે છે..

## SCINDIA- STEEL::

ભારતમાં સ્ટીલ ઉદ્યોગો છેલ્લાં નવ વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને દેશ હવે વિશ્વમાં ક્રૂડ સ્ટીલનું સૌથી વધુ ઉત્પાદન કરનાર બીજા ક્રમાંકનો દેશ બન્યો છે. કેન્દ્રીય સ્ટીલ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગઈકાલે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વર્ષ 2013-2014 સુધીમાં ભારત સ્ટીલની આયાત કરનાર દેશ હતો પણ ભારતમાં સ્ટીલનું ઉત્પાદન વધતા હવે ભારત સ્ટીલનો નિકાસકાર દેશ બન્યો છે. વર્ષ 2013-2014 માં ભારતની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા 10 કરોડ, 90 લાખ ટન હતી જે હવે વધીને 16 કરોડ ટન થઈ છે.

## PAK- IMRAN FIR

પાકિસ્તાનની અદાલતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન સામે સરકારી તોશખાનામાં મળેલી ભેટની વસ્તુઓને લગતી બનાવટી પાવતીઓ તૈયાર કરીને ગેરરીતિ આચરવાના કેસમાં ઇમરાન ખાનને 21 જૂન સુધી ધરપકડ સામે રક્ષણ સાથેના જામીન મંજૂર કર્યા છે.

એવી જ રીતે લાહોરની અદાલતે ઇમરાનના પત્ની બુશરા બીબીની કોઈપણ કેસમાં 13મી જૂન સુધી ધરપકડ કરવા સામે

પોલીસોને મનાઈ ફરમાવી છે. ઉલ્લેખનીય છે કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન સામે પોલીસે આ કેસમાં નવેસરથી એફઆઈઆર નોંધી છે.

## Rev.MANIPUR-SECURITY-FORCE

મણિપુરમાં તાજેતરના હિંસાના બનાવોમાં સંડોવાયેલા લોકોને તેમજ પોલીસ મથકમાંથી શસ્ત્રો લઈ જનાર પાસેથી શસ્ત્રો પાછા મેળવવા સલામતી દળોએ સઘન કોમ્બિંગ ઓપરેશન શરૂ કર્યું છે.

બીએસએફ, મણિપુર પોલીસ અને આસામ રાયફલના જવાનો ડીઆઈજીની દેખરેખ હેઠળ મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં સઘન કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં સ્થાનિક કક્ષાએ તૈયાર કરેલા શસ્ત્રો અન દારૂગોળાનો જથ્થો મળી આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુકી ઉગ્રવાદીઓ દ્વારા તૈયાર કરાયેલા બંકરોનો નાશ કરવામાં આવ્યો હતો.

એવી જ રીતે મણિપુર પોલીસે ગઈકાલની કાર્યવાહીમાં મણિપુર પોલીસ મથકમાંથી ચોરાયેલા ૪૬૪ શસ્ત્રો જપ્ત કર્યા હતા.